# કોસ્મેટિક સર્જન તરીકે જાણીતું નામ



**ડૉ. હિરેન દેસાઇ**

◆

**કોસ્મેટિક સર્જન**

ડૉક્ટર એટલે માત્ર બીમારીઓનો જ ઇલાજ કરનાર એવું નથી થતો. અકસ્માતે કે પછી કુદરતી રીતે શારીરિક ખોડખાંપણ રહી ગઇ હોય તેને ઠીક કરવાનું કામ પણ એક ડૉક્ટર જ કરે છે. દર વર્ષે કોસ્મેટિક સર્જરી પાછળ લોકો કરોડો રૂપિયા ખર્ચ કરતા પણ અચકાતા નથી. એક સમયે માત્ર વિદેશમાં જ સંભવ બનતી આવી સર્જરીઓ હવે આપણા દેશમાં પણ શક્ય બની છે. સુરતમાં પણ ઘરઆંગણે હવે તેનો લાભ લઇ શકાય છે. સુરતમાં પ્લાસ્ટિક સર્જરી અને કોસ્મેટિક સર્જન માટે સૌથી જાણીતું નામ એટલે ડૉ. હિરેન દેસાઇ.

ડૉ હિરેનભાઇ દેસાઇ સુરતના જાણીતા પ્લાસ્ટિક અને કોસ્મેટિક સર્જન છે. શહેરના ખ્યાતનામ ડૉક્ટરોમાં જેની ગણના થાય છે એવા હિરેનભાઇની ડૉક્ટર તરીકેની જર્ની ખૂબ જ રસપ્રદ છે. કણમાંથી મણ કરવા પાછળ તેમની મહેનત અને લગન પ્રશંસારૂપ બન્યા છે. ડૉ. હિરેનભાઇ દેસાઇએ મેડિકલ ક્ષેત્રે એમ.બી.બી.એસની પદવી વડોદરાની જાણીતી એમ.એસ. યુનિવર્સિટીમાંથી મેળવી. ત્યાર બાદ એમ.એસની પદવી પણ તેમણે મહારાજા સયાજીરાવ વિશ્વ વિદ્યાલય બરોડામાંથી મેળવી. ૧૯૯૩ થી ૧૯૯૫માં તેમણે પ્લાસ્ટિક સર્જરીમાં સુપર સ્પેશિયાલીટી એમ.એચની ડિગ્રી મેળવી. અહીં પહોંચ્યા બાદ તેને એક્સપ્લેશન કરવાનો વારો હતો. આ માટે તેમણે હૈદ્રાબાદ અને મહારાષ્ટ્રમાં માઇક્રોસ્પેસ સર્જરીની તાલીમ મેળવી. ત્યાર બાદ કોસ્મેટિક સર્જરીના વધુ અભ્યાસ માટે તેઓ શિકાગો ગયા. શિકાગોમાં તેમણે કોસ્મેટિક સર્જરીનો ડૉ.અરૂરના માર્ગદર્શન હેઠળ અભ્યાસ કર્યો.

૧૯૭૦ના એન્ડમાં હિરેનભાઇ સુરત આવ્યા. અહીંથી જ તેમની ખરી જર્નીની શરૂઆત થઇ એમ કહી શકાય. હિરેનભાઇએ સુરતના તક્ષશિલા એપાર્ટમેન્ટમાં ભાડે જગ્યા રાખી. આ ભાડાની જગ્યા પર તેમણે પોતાની પ્રેક્ટીસ શરૂ કરી. તેની સાથે સાથે તેઓ સુરતની મહાવીર હોસ્પિટલ સાથે પણ જોડાયેલા હતા. તેમના પત્ની પણ હાલ સુરતના એક જાણીતા ગાયનેકોલોજીસ્ટ છે. હિરેનભાઇ સતત પોતાના ક્ષેત્રમાં નવાં નવાં લક્ષ્યાંકો હાંસલ કરતા હતા.

૨૦૦૮ નું વર્ષ હિરેનભાઇની કારર્કિદીનું સૌથી મહત્ત્વપૂર્ણ વર્ષ ગણી શકાય છે. કારણ કે આ વર્ષે જ તેમણે પોતાના સાથી ૧૦ ડૉક્ટરો સાથે મળીને રિંગરોડ ઉધના દરવાજા ખાતે એપલ હોસ્પિટલ ખોલી. આધુનિક ટેક્નોલોજી અને સુવિધાઓથી સજ્જ એપલ હોસ્પિટલ લોકોનો વિશ્વાસ જીતવામાં સફળ રહીં. સુરત શહેરની સૌથી મોટી હોસ્પિટલોમાં તેની ગણના થવા લાગી. જ્યાં ન્યૂરો સર્જનથી લઇ અનેક રોગોના નિષ્ણાતો દર્દીઓના વિવિધ રોગોની સારવાર કરતા. જેમ જેમ જરૂરિયાત વધતી ગઇ તેમ તેમ હોસ્પિટલ ખાતે આધુનિક ટેક્નોલોજીઓનો પણ વધારો કરાતો ગયો. આજે એપલ હોસ્પિટલની સફળતાને ૧૦ વર્ષ પૂરાં થયાં છે. ૨૪ કલાક દર્દી માટે ખુલ્લી આ હોસ્પિટલ પાછલા એક દશકામાં હજારો દર્દીઓને સાજા કરી ચૂકી છે.

> **આધુનિક ટેક્નોલોજી અને સુવિધાઓથી સજ્જ એપલ હોસ્પિટલ લોકોનો વિશ્વાસ જીતવામાં સફળ રહી**

ટ્રોમા વર્ક અને કોસ્મેટિક વર્ક ઉપરાંત હિરેનભાઇ વેરીકોસ વેન સર્જરીમાં પણ મહારત ધરાવે છે. આ વિશે હિરેનભાઇ જણાવે છે કે, 'વેરીકોસ વેન સર્જરીમાં અનેક પ્રકારની સર્જરીનો સમાવેશ થાય છે. જેમ કે પ્રેગ્નન્સી બાદ થતી સમસ્યાઓ જેવી કે પગની નસ ફૂલી જવી કે વાંકી વળી જવી, પગની ચામડી કાળી પડી જવી વગેરેનો સમાવેશ થાય છે. આ બધી સમસ્યાઓની સારવાર દરમ્યાન દર્દીઓને વધારે ઊભા નહીં રહેવાની, વધારે ચાલવાની મનાઇ કરવામાં આવે છે કારણ કે તેનાથી તકલીફ વધી શકે છે. આમ છતાં જો ઇલાજ ન થાય તો તેની સર્જરી કરવાની ફરજ પડે છે.'

વધુ જાણવા QR સ્કૅન કરો



The secret of joy in work is contained in one word – Excellence.To know how to do something well is to enjoy it. -Pearl S.Buck